સાબરકાંઠા આંજણા સાંસ્કૃતિક મંડળ દ્વારા

પોલીસ ભરતીમાં આવેલ યુવાનોને આવાસ વ્યવસ્થા પુરી પાડવામાં આવી

બાયડ, તા. ૧૦

આગામી પોલીસ ભરતી પ્રેક્ટિકલ પરીક્ષા માટે ઉમેદવારોને અન્ય જિલ્લાના ગાઉન્ડ ફાળવાતા ઉમેદવારો માટે સમયસર પહોંચવા અને આવાસ સંબધિત અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.ત્યારે સાબરકાંઠા આંજણા સાંસ્કૃતિક મંડળે સમાજના ઉમેદવારોને નિશુલ્ક રહેવાની વ્યવસ્થા હિંમતનગર ખાતે પૂરી પાડવામાં આવી રહી છે. જયેશ પટેલના જણાવ્યા અનુસાર અત્યાર સુધી અંદાજિત ૫૦૦ કરતાં વધુ ઉમેદવારોએ આ સેવાનો લાભ લઈ સંતોષ વ્યક્ત કર્યો હતો. યુવાનો પરસ્પર એકબીજાના માર્ગદર્શકની ભૂમિકા ભજવી હતી. તો સમાજના અગ્રણીઓએ આ સેવામાં આર્થિક સહયોગી બની સમાજ સેવામાં ભાગીદાર બની રહ્યા છે. સાંસ્કૃતિક મંડળ ના પ્રમુખ મણીલાલ એલ પટેલ હોદ્દેદારો, કાર્યકરો નિસ્વાર્થ ભાવે અવિરત સમાજ સેવા કરી રહ્યા છે. રૂબરૂ ઉપસ્થિત રહી ને યુવાનોને પ્રેરણા પ્રોત્સાહન પૂરું પાડી રહ્યા છે. આ કાર્ય બદલ આંજણા યુવક મંડળ ગુજરાત રાજ્ય એ સમગ્ર ટીમ ને અભિનંદન પાઠવ્યા હતાં.

રામેશ્વરમ કંપાને જોડતો ડામર રોડ બિસ્માર

કચ્છીકંપામાંથી પસાર થતો એક માત્ર રોડ ખખડધજ

બાયડ(બ્યુરો ઓફીસ) તા.૧૦

મોડાસા તાલુકાના રમેશ્વરકંપા ને જીવનપુર -સરડોઇ સાથે જોડતો એક માત્ર ડામર રોડ બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે.રોડ ઉપર ગાબડાં ની સાથે છૂટી કપચી રોડ ઉપર ફરતી થતાં વાહન વ્યવહાર જોખમી બન્યો છે. દિવાળી બાદ પણ તંત્ર દ્વારા ગાબડાં પૂરવામાં ન આવતાં વાહન ચાલકો મુશ્કેલી અનુભવી રહ્યા છે.

જાણવા મળ્યા મુજબ તાલુકાના સરડોઈ - જીવણ રોડ પર રામેશ્વર કંપામાં જતો સીગલ પટ્ટી ડામર રોડ ઘણા સમય થી ખખડધજ બની ગયો છે.રોડ ઉપર ઠેક ઠેકાણે ગાબડાં પડવાની સાથે હવે ડામર નું અસ્તિત્વ ભુસાઈ ને કપચી છૂટી પડતાં વાહનો બેકાબૂ બની ફંગોળાઈ રહ્યા છે.તંત્ર દ્વારા રોડનું સમારકામ થશે તેવી આશા હતી પણ હજુ સુધી યોગ્ય રીતે ગાબડાં નું સમારકામ પણ થયું નથી જેથી ભંગાર રોડ મુદ્દે ખેડૂતો અને વાહનચાલકો ની મુશ્કેલી વધી છે.

જન્મદિને વધામણી

ભાવિન દેવુભાઈ પટેલ
ગાંધીધામ (આક્રંદ)

પ્રીત પટેલ
ધનસુરા

પિયુષભાઈ સુથાર
સાઠંબા તા. બાયડ

અમિત પ્રવીણભાઈ પટેલ,
મુખી
બાયડ

બિપીનભાઈ પટેલ
રડોદરા તા. બાયડ

ડુગરવાડાની તુલસી વિલાના બિલ્ડરને વીજતંત્ર દ્વારા રૂ.૨.૫૦ લાખનો દંડ

વિજિલન્સ ટીમનો સપાટો, સ્થાનિક તંત્ર ઉંગતું રહ્યું

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૦

મોડાસાના ડુગરવાડા પાસે તુલસી વિલામાં કૃષિ વિષયક વીજપુરવઠો અનઅધિકૃત રીતે વાપરવામાં આવતો હોવાની ફરિયાદ બાદ મહેસાણા વીજ તંત્રની વિજિલન્સ ટીમે ત્રાટકી ગેરકાયદે વપરાતા બે કનેક્શન ઝડપી બિલ્ડરને રૂ.૨.૫૦ લાખનો દંડ ફટકારતાં હલચલ મચી છે.જ્યારે દરોડાની કાર્યવાહીમાં સ્થાનિક તંત્ર ઊંગતું ઝડપાયું છે.

જિલ્લામાં વીજચોરી નું દૂષણ કાયમી બની ગયું છે.નીતિ નિયમોને નેવે મૂકી મરજી મુજબ વીજળીનો વપરાશ થઈ રહ્યો છે.સ્થાનિક વીજતંત્રના ભ્રષ્ટ કર્મીઓ આ હકીકત જાણતા હોવા છતાં આંખ આડા કાન કરી રહ્યા છે ત્યારે તાજેતરમાં વિજિલન્સ ટીમે સપાટો બોલાવતાં ગેરકાયદેસર વીજ વપરાશ કરનારા દંડાઈ રહ્યા છે.મોડાસા તાલુકાના ડુગરવાડા પાસે ની તુલસી વિલામાં લોખંડ કાપવા અને અન્ય વીજ વપરાશમાં કૃષિ વિષયક પુરવઠા નો ઉપયોગ કરાતો હોવાની ફરિયાદ થઈ હતી જેથી મહેસાણા વિભાગની વિજિલન્સ ટીમ ઓચિંતી ત્રાટકતાં બે કનેકશન માં બિનઅધિકૃત રીતે વીજળીનો ઉપયોગ થઈ રહ્યાનું જણાઈ આવતાં બિલ્ડર ને રૂ.દોઢ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.વિજિલન્સ ટીમે ધનસુરા તાલુકામાં પણ આ પ્રકારે ગેરકાયદેસર વીજળી નો વપરાશ કરનાર વ્યક્તિ ઓને સ્થળ ઉપર જઈ દંડ ફટકારતા સ્થાનિક વીજ તંત્રની કામગીરી સામે સવાલ ઉભા થયા છે.

ધનસુરા તાલુકાના પાટ્યો ગામના વિદ્યાર્થીઓનું શિક્ષણ છીનવતો વીજ થાંભલો

રસ્તાની બાજુમાં અડચણ રુપ થાંભલાથી પાસ કઢાવા છતાં એસ.ટી. બસ ગામમાં આવતી નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

રાજ્ય સરકાર દ્વારા કન્યા કેળવણીને ઉત્તેજન આપવા સાઈકલ તેમજ ગામડાંઓમાં એસ.ટી. બસની સુવિધાઓ આપવામાં આવી છે પરંતુ ધનસુરા તાલુકાના પાસ્યો ગામના વિદ્યાર્થીઓનું શિક્ષણ વીજ થાંભલો છીનવી લેતો હોવાની વિગત પ્રકાશમાં આવી છે. રસ્તાની બાજુમાં અડચણ પ થાં ભલાથી કંસેસન બસ પાસ કઢાવ્યો છતાં એસ.ટી.બસ ગામમાં આવતી નથી જેના કારણે અનેક વિદ્યાર્થીઓ ભણતર છોડી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી ઉચ્ચ અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓ સમયસર અભ્યાસ માટે શાળાઓમાં પહોંચે તે માટે ગ્રામ્ય ટો ઉપર એસ ટી અને મિનીબસો દોડાવામાં આવી રહી છે. કેટલાંક કિસ્સાઓમાં મન ફાવે તે રીતે એસ,ટી, ટ બંધ કરાતા ગ્રામ્ય વિદ્યાર્થીઓને કાંતો પગપાળા શાળામાં જવાની નોબત આવે છે અને બસ ન આવે તો કેટલાંક વિદ્યાર્થીઓ શાળામાં જવાનું મલત્વી રાખતા તેમના શિક્ષણા ભવિષ્ય ઉપર ગંભીર આ સર જોવા મળતી હોય છે. પરંતુ ધનસુરા તાલુકાના અંતરિયાળ પોસ્યો ગામ બક્ષીપંચ સમાજની વસ્તી ધરાવતું ગામ છે. આ ગામમાં માંડ બે-ત્રણા ગ્રેજ્યુ એટયુવાનો હશે. આઝાદીના ૭૪ વર્ષ પછી પણ આ વિસ્તારની યોગ્ય વિકાસ થયો નથી. ધીરે-ધીરે ગામના બાળકોમાં શિક્ષણની ભૂખ ઉભી થઈ અને ધો.૯ થી ૧૨ના ઉશ્ય અભ્યાસ માટે નજીકમાં આવેલી શાળાઓમાં જવા લાગ્યા પરંતુ એસ.ટી. બસના અભાવે ખાસ કરીને કન્યાઓ શિક્ષા છોડવા લ ગી. એસ.ટી. વિભાગમાં રજુઆત પછી માંડ બસ શરુ થઈ ૧૫ જેટલા વિદ્યાર્થીઓએ પાસ કઢાવ્યો પરંતુ એસ.ટી. બસ ગામમાં આવે એટલે રસ્તાની સાઈડમાં આવેલ અડચણરુપ વીજ થાંભલાના કારણે એસ.ટી. બસ વાળવામાં મુશ્કેલી ઉભી થતાં બસ ગામમાં આવતી નથી. જેના કારણે શિયાળાની ક ડકડતી ઠંડીમાં ગામથી ૪ કિમી દૂર આવેલી શાળામાં પગપાળા કાંતો કોઈના ખાનગી વાહનમાં જવાની નોબત આવે છે અને કાયમી આ પ્રકારની સમસ થાના કારણે કેટલીક કન્યાઓ શિક્ષા છોડી રહી છે ત્યારે વીજતંત્ર પણ બાળકોના ભવિષ્યનો વિચાર કરીને રસ્તા પાસે આવેલા અડચણરુપ વીજ થાંભ લાને દૂર કરાવે તેવી ગ્રામજનોએ માંગ કરી છે.

કુંડોલપાલમાં મહિલાને ફટકારી છેડતી કરાઈ: દીકરીના લગ્નનો ઠપકો આપતાં મારામારી

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૦

ભિલોડા તાલુકાના કુંડોલપાલ માં પરિવારની મરજી વિરૂદ્ધ ગામના યુવક સાથે લગ્ન કરવા બાબતે ઠપકો આપનાર યુવતીની માતાને ફટકારી છેડતી કરવામાં આવતાં પોલીસ ફરિયાદ થઈ છે.ભિલોડા પોલીસે આ મુદ્દે ત્રણ ઈસમો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસે આપેલી વિગતો મુજબ કુંડોલપાલના વિમળા બેન બરાંડાની પુત્રી વૈભવી એ ગામના જ અનિલ લક્ષ્મણ ડામોર સાથે લગ્ન કરી લીધા છે. આ લગ્નમાં પરિવાર ને વાંધો હોવાથી તા.૭ ના રોજ યુવતી ની માતા વિમળા બેને લગ્ન કરનાર યુવકના ભાઈ મોહનને લગ્ન બાબતે ઠપકો આપતાં મામલો બિચકયો હતો જેમાં નરેશ ડામોર,બકુલેશ ડામોર અને સુભાષ ડામોરે મહિલાના ઘરે જઈ તમારી દીકરી આજે પણ નહિ અને કાલે પણ પરત નહીં મળે તેમ કહી મારામારી પર ઉતરી આવ્યા હતા.લગ્નું મુદ્દે થયેલ ઝગડામાં મહિલા ને નીચે પાડી છેડતી કરવામાં આવતા પોલીસ ફરિયાદ થઈ છે.

જિલ્લામાં આવેલ એસોશીયેશન, હોદ્દેદારો તથા અગ્રગણ્ય ઉદ્યોગકારોને

આગામી દિવસોમાં યોજાનાર વાયબ્રન્ટ ગ્લોબલ સમીટ-૨૦૨૨ અન્વયે બેઠક યોજાઈ

બાયડ તા.૧૦

મોડાસા જી.આઈ.ડી.સી. ગણેશપુર ખાતે મોડાસા જી.આઈ.ડી.સી એસોશીયેશનના હોદ્દેદારો તથા જિલ્લામાં આવેલ એસોશીયેશન, હોદ્દેદારો તથા અગ્રગણ્ય ઉદ્યોગકારોને આગામી દિવસોમાં યોજાનાર વાયબ્રન્ટ ગ્લોબલ સમીટ-૨૦૨૨ અન્વયે આસીસ્ટન્ટ કમિશ્નર અને જનરલ મેનેજર શ્રી ડી.ડી.સોલંકીના અધ્યક્ષ સ્થાને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ -૨૦૨૨ અન્વયે જરૂરી પ્રેઝન્ટેશન દ્વારા ઈવેન્ટમાં થનાર કાર્યક્રમની જાણકારી આપવામાં આવી હતી તથા વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા તથા ભાગ લેવા માટે અનુરોધ કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં જિલ્લામાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ એસોશીયેશનના હોદ્દેદારો તથા અગ્રગણ્ય ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમના અંતે પ્રશાંત જોષી,સેક્રેટરી,મોડાસા ઈન્ડસ્ટ્રીયલ એસોસીયેશન દ્વારા આભાર વિધી કરવામાં આવેલ હતી.

પાલનપુર ખાતે શહીદ જનરલ બિપિન રાવતને શ્રદ્ધાંજલિ અપાઈ

પાલનપુર તા. ૧૦

ભારતમાતાના સપૂત અને સી.ડી.એસ. જનરલ બિપિન રાવત અને તેઓની ધર્મપત્ની સહિતના સૈન્ય અધિકારીઓ નું હેલિકોપ્ટર કેશ થતા તેઓનું દુઃખદ નિધન થતા દેશભરમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ત્યારે પાલનપુરમાં શહીદ જનરલ બિપિન રાવતના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

પાલનપુર શહેરના ગુરુનાનક ચોક ખાતે નિઃસ્વાર્થ સેવા સંગઠન દ્વારા શહીદ જનરલ બિપિન રાવત સહિતના મૃતકો ની આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી મીણબત્તી પ્રજવલ્લિત કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અપાઈ હતી. જેમાં નિઃસ્વાર્થ સેવા સંગઠનના પ્રમુખ નીતિન ઠાકોર સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

પાલનપુરમાં સમયસર બસ ન આવતા વિદ્યાર્થીઓનો હોબાળો

મલાણા, સામઢી, રણાવાસ અને આંત્રોલીના છાત્રોએ કર્યો હોબાળો

પાલનપુર તા. ૧૦

પાલનપુર ખાતે અભ્યાસ અર્થે આવતા છાત્રો વિદ્યાર્થી પાસ કઢાવી એસ.ટી. બસમાં મુસાફરી કરતા હોય છે. જોકે, એ સ.ટી.બસો સમયસર ન આવતા છાત્રો અકળાઈ ઉઠે છે. ત્યારે ગતરોજ પણ પાલનપુર ખાતે અનિયમિત બસ સેવાથી કંટાળેલા છાત્રોએ હોબાળો મચાવી ડેપો મેનેજરને રજુઆત કરી હતી.

પાલનપુર ખાતે વિવિધ શાળા-કોલેજ માં અભ્યાસ અર્થે આવતા છાત્રોએ નિયમિત બસ સેવા ન મળતા હોબાળો કર્યો હતો. પાલનપુર તાલુકાના મલાણા, સામઢી, આંત્રોલી અને રણાવાસ ગામ ના વિદ્યાર્થીઓએ આજે પોતાના રૂટની બસ સેવા નિયમિત ન આવતી હોઈ હોબાળો મચાવ્યો હતો. બાદમાં છાત્રો દ્વારા ડેપો મેનેજરને લેખિત રજુઆત કરી એસ.ટી.બસ સેવા નિયમિત કરવાની માંગ કરી હતી.

૪થી એશિયન યૂથ પેરા ગેઈમ્સ-૨૦૨૧માં

ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થી મીત ટાઢાણીએ દેશ માટે બે ગોલ્ડ મેડલ જીતી હાંસલ કર્યું વૈશ્વિક ગૌરવ

એથલેટ મીત ટાઢાણીએ ૧૦૦ મીટર દોડમાં અને ૨૦૦ મીટર દોડમાં બંનેમાં ગોલ્ડ મેડલ જીત્યો !

ગણપત વિદ્યાનગર, તા. ૧૦

અરબ કન્ટ્રી બહેરીનના મનામા ખાતે ગઈ તા. ૨ થી ૬ ડિસેમ્બર દરમિયાન એશિયાના ૩૦ દેશો વચ્ચે અને અલગ અલગ નવ જેટલી રમતો માટે ખેલાયેલી ૪થી 'પેરા એશિયન યુથ પેરા ગેઈમ્સ-૨૦૨૧'માં સ્પર્ધાના ત્રીજા દિવસે એટલે કે ૪થી ડિસેમ્બરે યોજાયેલી ૧૦૦ મીટર દોડમાં અને તા. ૫મીએ યોજાયેલી ૨૦૦ મીટર દોડમાં ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થી મીત ટાઢાણીએ ગોલ્ડમેડલ જીતી ગુજરાત રાજ્ય માટે જ નહીં પરંતુ આપણા વહાલા દેશ ભારત માટે વૈશ્વિક કક્ષાનું ગૌરવ હાંસલ કર્યું છે.

બહેરીન, બાંગ્લાદેશ, ભુતાન, કંબોડિયા, હોંગકોંગ, ઈન્ડોનેશિયા, ઈન્ડિયા, ઈરાન, ઈરાક, કૂવૈત, મલેશિયા, જોર્ડન, જાપાન, નેપાલ, પાકિસ્તાન, ફિલિપાઈન્સ, સિંગાપોર, શ્રીલંકા, થાઈલેન્ડ, યુનાઈટેડ આરબ અમિરેટ્સ અને ઉઝબેકિસ્તાન સહિતા એશિયાના ૩૦ જેટલા દેશોના અને વિવિધ પ્રકારની વિશેષ ક્ષમતા ધરાવતા ૭૫૦ જેટલાં દિવ્યાંગ યુવાનો વચ્ચે રમાતી નવ જેટલી રમતોના આ ચોથા એશિયન યુથ પેરા ગેઈમ્સ-રમતોત્સવનું ઉદ્ઘાટન ખાલિદ બિન હમાદ અલ ખલિફાએ ગઈ તારીખ બીજીના રોજ કર્યુ હતુ.

ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થી અને પેરા-રનિંગમાં ૧૦૦ મીટર અને ૨૦૦ મીટરમાં ગોલ્ડ મેડલ જીતનાર મીત ટાઢાણીને એની આ હળહળતી વૈશ્વિક સિદ્ધિને ભારે હરખભેર વધાવતા યુનિવર્સિટીના પેટ્રન-ઈન-ચિફ અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, પ્રો. ચાન્સેલર તેમજ ડાયરેક્ટર જનરલ પ્રો. ડો. મહેન્દ્ર શર્મા, યુનિ.ના પ્રો. વાઈસ ચાન્સેલર અને એક્ઝિ. રજિસ્ટ્રાર ડૉ. અમિતભાઈ પટેલે ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવ્યા હતા, તો યુનિ.ના સ્પોર્ટસ-ઓફિસર કમલેશ પટેલે ગોલ્ડ મેડલ વિજેતા મીત ટાઢાણીને અભિનંદન આપતા આશા વ્યક્ત કરી હતી કે બહેરીનથી પરત ફર્યા બાદ મીત હવે ઓલિમ્પિક માટે તૈયારી કરવામાં લાગી જવાનો છે અને એની દોડ-પ્રતિભા જોતા એ જરૂર વધુ ને વધુ ગોલ્ડ જીતવા સફળતા મેળવશે.

ગણત યુનિવર્સિટી જ નહીં, ગુજરાત અને સમગ્ર રાષ્ટ્ર માટે આંતર રાષ્ટ્રીય ગૌરવ હાંસલ કરનાર ગોલ્ડ મેડલ વિજેતા મીત ટાઢાણીનું ભવ્ય સ્વાગત કરવા ગણપત યુનિવર્સિટી પરિવાર થનગની રહ્યો છે અને સૌએ મીતને હૃદયપૂર્વકના ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવ્યા છે.

ડીસા તાલુકા પોલીસ દ્વારા ચીફ ઓફ ડિફેન્સને શ્રદ્ધાંજલિ

ડીસા, તા. ૧૦

તામિલનાડુના કુનનુંર ખાતે ગત તારીખ ૮/૧૨/૨૧ ના રોજ હેલિકોપ્ટર કેશ થયેલ. જેમાં

ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ બિપિન રાવત તથા તેમના ધર્મપત્ની શ્રીમતી રાવત અને ૧૧ સેનાના અધિકારી -કર્મચારી શહીદ થયેલ હતા. ત્યારે શુક્રવારે ડીસા તાલુકા પોલીસ દ્વારા તમામ શહીદોને શ્રદ્ધાંજલિ આવી હતી અને ઘાયલ સૈનિક જલ્દીથી સાજા થાય એના માટે પણ પ્રાર્થના કરવામાં આવી હતી.